## –: અલ્વી એઅજાઝ :–

અમીરૂલ મુમેનીન હ.અલી (અ.સ.) ના સહાબીએ વફાદાર હ.માલિકુલ ઉશ્તર એક અંધારી રાતમાં આપના બૈતુશ શરફ પર પધારા. આપ (અ.સ.) એ પૂછ્યું કે તમે દરવાઝા પર કોને સાથે લાવા છો ? હ.માલિકુલ ઉશ્તરે અરઝ કીધી કે , અય સાહબે વલાયત, ચાર સાહબો મારે સાથે છે. એક આંધલો, બીજો ગુંગો, ત્રીજો કોઢીયલ અને ચોથો જુઝામ (રક્તપિત્ત) વાલો છે. આ સાંભલી આપે તરત જ એ સઘલાને વાસ્તે કઈક દુઆ પઢી અને ચારે શખ્સો પર ફૂંક મારી તો અલ્લાહતઆલાની ઈનાયતથી અને આપની કરામતથી ચારે જણા ને શિફા થઈ, સહીહો સાલિમ થઈ ગયા અને શુક્ર કરતા કરતા આપનું એહસાન માની રૂખ્સત થયા, આ તરહનો હતો અલ્વી એઅજાઝ. ★